| | | | | | |
|---|---|---|---|---|---|
| GJAR040009462024 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૦૧/૦૧/૨૦૨૪ | | |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૦૧/૦૧/૨૦૨૪ | | |
| | | ફેંસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૨ | ૦૬ | ૨૮ |

-------------------------------------

**મેઘરજના મે.એડિશનલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ**

-------------------------------------

**રે. દીવાની મુકદ્દમા નંબર–૦૧/૨૦૨૪**
**આંક–**

-------------------------------------

| | | |
|---|---|---|
| **વાદીઓ :–** | | ભાભીનાથાભાઈ ધુળાભાઈ ગુજરતાં વારસો |
| | **૦૧** | ભાભી બાબુભાઈ નાથભાઈ |
| | **૦૨** | ભાભી રામાભાઈ નાથાભાઈ |
| | **૦૩** | ભાભી રમેશભાઈ નાથાભાઈ |
| | **૦૪** | ભાભી કાળીબેન નાથાભાઈ |
| | તમામ રહે. ભેમાપુર, તા. મેઘરજ, જી. અરવલ્લી | |

**વિરૂધ્ધ**

| | | |
|---|---|---|
| **પ્રતિવાદીઓ:–** | **૦૧** | ભાભી નાથીબેન સોમાભાઈ |
| | **૦૨** | ભાભી કાળુભાઈ સોમાભાઈ |
| | **૦૩** | ભાભી બાબુભાઈ સોમાભાઈ |
| | **૦૪** | ભાભી રમેશભાઈ સોમાભાઈ |
| | તમામ રહે. ડામોરઢુંઢા, તા.મેઘરજ જી.અરવલ્લી | |

-------------------------------------

**બાબત:– રૂ.૬૦૦ના આંકથી કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન માટેનો**

-------------------------------------

**રજુઆત:–** વાદી તરફે વિદ્વાન વકીલશ્રી એ.ડી.નીનામા
પ્રતિવાદી તરફે કે.એમ.બરંડા

-------------------------------------

## – <u>ચુકાદો</u> –

### (૧) <u>દાવાની હકીકતઃ</u>–

વાદીઓનો દાવો એવો છે કે તેઓ મોજે ભેમાપુર (પાલ્લા), તા. મેઘરજ, જિ. અરવલ્લીના કાયમી રહેવાસી છે અને ખેતી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. વાદીઓના જણાવ્યા મુજબ તેઓ નીચે દર્શાવેલ બે ખેતીની જમીનોના કાયદેસરના માલિક તથા પ્રત્યક્ષ કબજેદાર છે:– (૧)**જૂનો ખાતા નં. ૩૧૧ / નવો ખાતા નં. ૪૧૧, જૂનો સર્વે નં. ૬૨૯ / નવો સર્વે નં. ૧૦૬૧,** ક્ષેત્રફળ હે. ૧–૮૧–૪૨. (૨)**જૂનો ખાતા નં. ૨૧૬ / નવો ખાતા નં. ૩૧૬, જૂનો સર્વે નં. ૬૩૪ / નવો સર્વે નં. ૧૦૭૦,** ક્ષેત્રફળ હે. ૦–૮૧–૬૭.

વાદીઓનો દાવો છે કે ઉપરોક્ત બંને જમીનો ગામના નમૂના નં. ૭/૧૨ તથા ગામ નમૂના નં. ૮(અ)માં તેમના નામે કબજેદાર તરીકે નોંધાયેલ છે. તેઓ છેલ્લા આશરે **35 વર્ષથી સતત, ખુલ્લા, શાંતિપૂર્ણ અને પ્રત્યક્ષ કબજામાં રહી ખેતી કરતા આવ્યા છે** અને હાલ પણ જમીનમાં વિવિધ પાકોનું વાવેતર કરીને ઉપજ મેળવી રહ્યા છે. સર્વે નં. ૧૦૬૧ ની જમીનમાં સુઢીયાનું વાવેતર, અડધી જમીનમાં ખેડાણ, એક છાપરું, લીમડાના તથા બોરના વૃક્ષો અને દક્ષિણ બાજુ વાડ હોવાનું જણાવવામાં આવ્યું છે, જ્યારે સર્વે નં. ૧૦૭૦ ની જમીનમાં રાયડો, દીવેલા અને મકાઈનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. બંને જમીનોની ચારેય બાજુની હદખૂટ પણ દાવામાં વિગતવાર દર્શાવવામાં આવી છે.

વાદીઓનો વધુ કેસ એવો છે કે તેમના પિતા **નાથાભાઈ ધુળાભાઈ ભાભી** વર્ષોથી આ જમીનોમાં ખેતી કરતા હતા અને તેઓ રેવન્યુ રેકોર્ડ તથા પાણીપત્રકમાં કબજેદાર તરીકે નોંધાયેલા હતા તેમજ જમીન મહેસૂલ પણ ભરતા હતા. પિતાના અવસાન બાદ વાદીઓ સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે નોંધ નં. ૨૧૧૯ થી વારસાઈ દાખલ થઈ રેવન્યુ રેકોર્ડમાં

નોંધાયેલા છે. પરિણામે હાલ વાદીઓ જ કાયદેસરના માલિક અને કબજેદાર છે. વાદીઓનો આક્ષેપ છે કે પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનોમાં **કોઈ માલિકી હક, હિસ્સો, કબજો કે ખેતીનો સંબંધ ક્યારેય રહ્યો નથી,** તેમજ તેમના પિતા સોમાભાઈનું પણ ક્યારેય રેવન્યુ રેકોર્ડમાં કબજેદાર તરીકે નામ નોંધાયેલ નથી. તેમ છતાં પ્રતિવાદીઓએ છેલ્લા બે વર્ષથી ખોટા દાવા ઉભા કરીને જમીન પચાવી પાડવાના ઈરાદાથી વારંવાર વાદીઓને જમીન છોડી દેવા દબાણ કરવાનું શરૂ કર્યું છે. વાદીઓના જણાવ્યા મુજબ પ્રતિવાદીઓએ પ્રથમ નોંધ નં. **૨૨૫૦** દ્વારા વારસાઈ દાખલ કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વાદીઓએ તેના વિરોધમાં નાયબ કલેક્ટર સમક્ષ અરજી કરતાં તે નોંધ નામંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ પણ પ્રતિવાદીઓએ ફરીથી નોંધ નં. **૨૬૨૧ અને ૨૬૨૨** દ્વારા બંને સર્વે નંબરોમાં પોતાના નામ દાખલ કરાવી દીધા હોવાનું જણાવવામાં આવ્યું છે. વાદીઓનો આરોપ છે કે આ નોંધો **ખોટા સોગંદનામા અને ખોટા પુરાવાના આધારે કરાવવામાં આવી છે,** જેથી રેવન્યુ રેકોર્ડમાં ખોટા પુરાવા ઉભા કરી જમીન પર ગેરકાયદેસર હક્ક સ્થાપિત કરીને ભવિષ્યમાં વેચાણ કરવાનો ઈરાદો છે. દાવામાં વધુમાં જણાવાયું છે કે દાવો દાખલ કરવાના થોડા દિવસો અગાઉ જ્યારે વાદીઓ સર્વે નં. ૧૦૬૧ની જમીનમાં ખેડાણ કરી રહ્યા હતા ત્યારે પ્રતિવાદીઓ સ્થળ પર આવી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી અને જમીન છોડી દેવા કહ્યું હતું. તે જ રીતે સર્વે નં. ૧૦૭૦ની જમીનમાં પાણી વાળતી વખતે પણ પ્રતિવાદીઓ આવી જમીન પોતાની હોવાનું કહી વાદીઓને હાંકી કાઢવાની તથા કાયદાકીય કાર્યવાહી કરીને કબજો લઈ લેવાની ધમકીઓ આપી હતી. વાદીઓના જણાવ્યા મુજબ પ્રતિવાદીઓનો હેતુ ગેરકાયદેસર રીતે જમીનમાં પ્રવેશ કરીને વાદીઓને કબજામાંથી બેદખલ કરવાનો છે. જો તેમને રોકવામાં નહીં આવે તો વાદીઓને અપુરણીય નુકસાન થશે અને તેઓ વર્ષોથી ભોગવતા કબજાથી વંચિત થઈ જશે. આ તમામ હકીકતોના આધારે વાદીઓએ અદાલત સમક્ષ દાવો કરી દાદ માંગેલ છે કે, બંને દાવાવાળી જમીનો ઉપર તેમનો **કાયદેસરનો માલિકી હક તથા પ્રત્યક્ષ કબજો હોવાનું**

**જાહેર કરવામાં આવે,** તથા પ્રતિવાદીઓ અને તેમના માણસોને વાદીઓના કબજામાં કોઈપણ પ્રકારની દખલગીરી કરવાથી, ગેરકાયદેસર પ્રવેશ કરવાથી, ખેતીના કામમાં અવરોધ ઊભો કરવાથી, કબજો મેળવવાથી અથવા કોઈપણ પ્રકારનું બાંધકામ કરવાથી **કાયમી મનાઈ હુકમ** દ્વારા પ્રતિબંધિત કરવામાં આવે, સાથે જ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસૂલ કરવામાં આવે તથા અદાલતને યોગ્ય અને વાજબી લાગે તેવી અન્ય રાહત પણ વાદીઓને આપવામાં આવે તેવી અરજ કરેલ છે.

(૩) <u>**પ્રતિવાદીઓ તરફે લેખીત જવાબ :–**</u>

પ્રતિવાદીઓએ આંક– ૩૧ થી તેમનો જવાબ રજુ રાખી વાદીઓ દ્વારા દાખલ કરવામાં આવેલ કાયમી મનાઈ હુકમના દાવા તથા મનાઈ અરજીનો સખત વિરોધ કર્યો છે અને રજૂઆત કરી છે કે દાવા અરજીમાં કરવામાં આવેલ મોટાભાગના તમામ આક્ષેપો તદ્દન ખોટા, ઉપજાવી કાઢેલા, ભ્રામક તથા કાયદેસર આધારવિહોણા છે. વાદીઓએ દાવાવાળી મિલકત ઉપર પોતાનો માલિકી હક્ક કે કબજો હોવાનો કોઈ કાયદેસર પુરાવો રજૂ કર્યો નથી તથા તેમને આ પ્રકારનો દાવો દાખલ કરવાનો કોઈ કાયદેસર હક્ક, અધિકાર કે કારણ ઉપસ્થિત થયેલ નથી. તેથી દાવો પ્રાથમિક તબક્કેથી જ રદ થવાને પાત્ર છે. પ્રતિવાદીઓએ વધુમાં રજૂઆત કરી છે કે વાદીઓએ દાવાવાળી જમીન ઉપર પોતાનો માલિકી હક્ક કઈ રીતે પ્રાપ્ત કર્યો, તે અંગે દાવા અરજીમાં કોઈ સ્પષ્ટ હકીકતો દર્શાવી નથી તથા કોઈ દસ્તાવેજી આધાર પણ રજૂ કર્યો નથી. માત્ર માલિકી અને કબજાનો દાવો કરવાથી કાયદેસર હક્ક સ્થાપિત થઈ શકતો નથી. વાદીઓના નામ રેવન્યુ રેકોર્ડમાં કાયદેસર રીતે નોંધાયેલા નથી અને હાલની સ્થિતિએ તેઓ ન તો માલિક છે અને ન તો કબજેદાર છે. પ્રતિવાદીઓએ સ્વીકાર્યું છે કે દાવાવાળી જમીનના હદ–ખૂંટ બાબતે કોઈ વિવાદ નથી, પરંતુ જમીન ઉપરનો માલિકી હક્ક તથા કબજો સંપૂર્ણપણે પ્રતિવાદીઓનો છે. વાદીઓએ દાવા અરજીના પેરા નં. ૨, ૩ તથા ત્યારબાદના તમામ પેરાઓમાં દર્શાવેલ હકીકતો ખોટી રીતે રજૂ કરી છે અને

અદાલતને ગેરમાર્ગે દોરવાના હેતુથી મહત્વની હકીકતો જાણીજોઈને છુપાવી છે. પ્રતિવાદીઓએ વિશેષ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, નોંધ નં. ૨૧૧૯ દ્વારા વાદીઓના નામ વારસાઈ હક્કથી દાખલ થયાનો દાવો કાયદેસર નથી. વાદીઓના પિતા નાથાભાઈ ધુળાભાઈ ભાંભી તેમના કુટુંબના સભ્ય નહોતા અને તેમના નામનો રેવન્યુ રેકોર્ડમાં સમાવેશ ખોટી રીતે કરવામાં આવ્યો હતો. આ બાબત અંગે નોંધ નં. ૧૦૦૧ સામે નાયબ કલેક્ટર સમક્ષ આર.ટી.એસ. કેસ નં. ૧૧૩/૨૦૨૨ તથા ત્યારબાદ કલેક્ટર, અરવલ્લી સમક્ષ આર.ટી.એસ./રીવિઝન/અપીલ કેસ નં. ૨૨/૨૦૨૩ દાખલ કરવામાં આવ્યો હતો. કલેક્ટરશ્રીએ તા. ૨૫/૦૭/૨૦૨૩ના રોજ પ્રતિવાદીઓના પક્ષમાં હુકમ કરીને નોંધ નં. ૧૦૦૧ રદ કરવાનો આદેશ કર્યો હતો અને તેના અનુસંધાને નોંધ નં. ૨૬૧૪ દ્વારા જરૂરી ફેરફાર કરવામાં આવ્યો હતો. પરિણામે વાદીઓના નામ રેવન્યુ રેકોર્ડમાંથી દૂર થઈ ગયા છે અને હાલમાં રેવન્યુ રેકોર્ડમાં માત્ર પ્રતિવાદીઓના નામો જ કાયદેસર રીતે દાખલ છે. પ્રતિવાદીઓએ વધુમાં જણાવ્યું છે કે દાવાવાળી બંને જમીનો, એટલે કે સર્વે નં. ૧૦૬૧ તથા સર્વે નં. ૧૦૭૦ અંગે તેઓ જ વર્ષોથી કાયદેસર માલિક તથા કબ્જેદાર છે. તેમના પિતાના અવસાન બાદ વારસાઈ નોંધ નં. ૨૬૨૧ તથા નોંધ નં. ૨૬૨૨ દ્વારા તેમના નામો નિયમસર દાખલ કરવામાં આવ્યા છે અને તે નોંધો કાયદેસર રીતે પ્રમાણિત (પાકી) પણ કરવામાં આવી છે. ગામ નમૂના નં. ૭, ૮–અ તથા ૧૨ મુજબ વર્ષ ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૩–૨૪ દરમિયાન દાવાવાળી જમીનમાં મકાઈ તથા તુવેરના પાકનું વાવેતર પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવ્યું હોવાનું રેવન્યુ રેકોર્ડમાં સ્પષ્ટ નોંધાયેલ છે. ઉપરાંત તેઓ વર્ષો વર્ષ જમીનનો મહેસૂલ પણ ભરતા આવ્યા છે, જેના પુરાવારૂપે મહેસૂલની રસીદો પણ રજૂ કરવામાં આવી છે. પ્રતિવાદીઓએ જણાવ્યું છે કે તેમણે પોતાના બચાવના સમર્થનમાં ગામ નમૂના નં. ૬, ૭, ૮–અ, ૧૨, નોંધ નં. ૧૦૦૧, નોંધ નં. ૨૬૧૨, નોંધ નં. ૨૬૧૪, નોંધ નં. ૨૬૨૧, નોંધ નં. ૨૬૨૨, નાયબ કલેક્ટર તથા કલેક્ટરના હુકમોની પ્રમાણિત નકલો અને અન્ય તમામ સંબંધિત દસ્તાવેજો પુરાવા તરીકે રજૂ કર્યા છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે રેવન્યુ રેકોર્ડ મુજબ દાવાવાળી

જમીન ઉપરનો માલિકી હક્ક તથા કબજો પ્રતિવાદીઓનો જ છે. પ્રતિવાદીઓએ વધુમાં એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે વાદીઓએ ખોટા પેઢીનામા, ખોટા સોગંદનામા તથા ખોટી માહિતીના આધારે અગાઉ પોતાના નામો રેવન્યુ રેકોર્ડમાં દાખલ કરાવ્યા હતા, પરંતુ તે નોંધો બાદમાં સક્ષમ રેવન્યુ સત્તાધિકારીઓ દ્વારા રદ કરવામાં આવી છે. તેમ છતાં વાદીઓએ તે હકીકતો અદાલત સમક્ષ છુપાવી રાખી છે અને જાણબૂઝીને અપૂર્ણ તથા ભ્રામક માહિતી રજૂ કરીને અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. આથી વાદીઓ સ્વચ્છ હાથે અદાલતમાં આવ્યા નથી અને તેથી તેઓ સમન્યાયાત્મક રાહત મેળવવા માટે હકદાર નથી. પ્રતિવાદીઓએ વધુમાં રજૂ કર્યું છે કે મનાઈ હુકમ આપવા માટે જરૂરી એવા એકપણ તત્વ વાદીઓના પક્ષમાં ઉપલબ્ધ નથી. તેનાથી વિપરીત, પ્રતિવાદીઓ રેવન્યુ રેકોર્ડ મુજબના કાયદેસરના માલિક અને કબ્જેદાર હોવાથી જો વાદીઓને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને ખેતી, કબજો તથા માલિકીના હક્કમાં ગંભીર અને અપૂરણીય નુકસાન થશે, જેની નાણાંકીય વળતર દ્વારા ભરપાઈ શક્ય રહેશે નહીં. બીજી તરફ, વાદીઓ પાસે કોઈ કાયદેસર હક્ક સ્થાપિત ન હોવાથી તેમના પક્ષમાં કોઈપણ પ્રકારનું સમતુલા નથી. અંતે પ્રતિવાદીઓએ એવી અરજ કરી છે કે વાદીઓનો દાવો કારણ વિનાનો, કાયદેસર રીતે અસ્થાપિત, સ્પેસિફિક રિલીફ એક્ટના સિદ્ધાંતોના વિરુદ્ધ તથા મહત્વની હકીકતો છુપાવીને દાખલ કરાયેલ હોવાથી વાદીઓને માંગ્યા મુજબની કોઈ દાદ મળવાપાત્ર નથી. તેથી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવામાં આવે અને પ્રતિવાદીઓને યોગ્ય રાહત આપવામાં આવે તેવી અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-:વાદી તર્ફે મૌખિક પુરાવાઓ:-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૦ | વાદી નં ૧ ભાંભી બાબુભાઈ નાથાભાઈની સોગંદ ઉપર સરતપાસ |
| ૨ | ૪૬ | વાદી નં ૨ ભાંભી રામાભાઈ નાથાભાઈની સોગંદ ઉપર સરતપાસ |
| ૩ | ૪૯ | વાદી નં ૧/૪ ભાંભી કાળીબેન નાથાભાઈની સોગંદ ઉપર સરતપાસ |

## **–:વાદી તર્ફે દસ્તાવેજી પુરાવાઓ:–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૫૪ | ૭ અને ૧૨ ના ઉતારા અસલ સર્ટીફાઈડ કોપી |
| ૦૨ | ૫૫ | ૭ અને ૧૨ ની સર્ટીફાઈડ કોપી |
| ૦૩ | ૫૬ | ૭ અને ૧૨ ની સર્ટીફાઈડ કોપી |
| ૦૪ | ૫૭ | ૭ અને ૧૨ ની સર્ટીફાઈડ કોપી |
| ૦૫ | ૫૮ | ૭ અને ૧૨ ની સર્ટીફાઈડ કોપી |
| ૦૬ | ૫૯ | ૭ અને ૧૨ ની સર્ટીફાઈડ કોપી |
| ૦૭ | ૬૦ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૦૮ | ૬૧ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૦૯ | ૬૨ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૦ | ૬૩ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૧ | ૬૪ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૨ | ૬૫ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૩ | ૬૬ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૪ | ૬૭ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૫ | ૬૮ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૬ | ૬૯ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૭ | ૭૦ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૮ | ૭૧ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૧૯ | ૭૨ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૨૦ | ૭૩ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |

| | | |
|---|---|---|
| ૨૧ | ૭૪ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૨ | ૭૫ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૩ | ૭૬ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૪ | ૭૭ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૫ | ૭૮ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૬ | ૭૯ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૭ | ૮૦ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૮ | ૮૧ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૨૯ | ૮૨ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૩૦ | ૮૩ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૩૧ | ૮૪ | વેરા પાવતી ખાતા નં.૩૧૧ ની અસલ પાવતી |
| ૩૨ | ૮૫ | વેરા પાવતી ખાતા નં.૨૧૬ ની અસલ પાવતી |
| ૩૩ | ૮૬ | મરણ દાખલો અસલ |
| ૩૪ | ૮૭ | હકકપત્રકની નોંધ નં.૨૧૧૯અસલ |
| ૩૫ | ૮૮ | હકકપત્રકની નોંધ નં.૨૨૫૦અસલ |
| ૩૬ | ૮૯ | રમણભાઈ ભુરાભાઈ રાઠોડનુ સોગંદનામુ અસલ |
| ૩૭ | ૯૦ | રાયમણજી રામચંદજી રાઠોડનુ સોગંદનામુ અસલ |
| ૩૮ | ૯૧ | જાલમજી નવાજી રાઠોડનુ સોગંદનામુ અસલ |
| ૩૯ | ૯૨ | રામચંદભાઈ ધીરાજી રાઠોડનુ સોગંદનામુ અસલ |
| ૪૦ | ૯૩ | તલાટી કમ મંત્રનો દાખલો અસલ |
| ૪૧ | ૯૪ | તલાટી કમ મંત્રનો દાખલો અસલ |
| ૪૨ | ૯૫ | હકકપત્રકની નોંધ ૨૬૨૨ અસલ |

ત્યારબાદ વાદીપક્ષે આંક– પર થી કલોઝીંગ પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ વધુ મૌખિક કે લેખિત પુરાવો આપવા માંગતા નથી. જેથી વાદીનો વધુ લેખિત અને મૌખિક પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ પ્રતિવાદીઓને તેમનો પુરાવો રજુ રાખવા વ્યાજબી અને પુરતી તકો આપેલ હોવા છતા તેઓએ તેમનો કોઈ જ પુરાવો રજુ રાખેલ નથી કે

હાજર પણ રહેલ નથી. જેથી, પ્રતિવાદીના પુરાવાનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૫) સદર કામે વાદીપક્ષે આંક– ૯૭ થી તેમની લેખિત દલીલ રજુ રાખેલ છે. જયારે પ્રતિવાદીપક્ષે કોઈ હાજર ન રહેતા તેમની દલીલનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, હાલના કેસના ન્યાયિક નિર્ણય સારૂ મારા પુરોગામી પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી નાઓએ **આંક–૩૮** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દા ::–**

| ક્રમ | મુદ્દા |
|---|---|
| ૧ | શુ વાદી પુરવાર કરે છે કે, મોજે ભેમાપુર, તા. મધરજ, જી.– અરવલ્લીની સીમમાં આવેલ (૧) જુનો ખાતા નં. ૩૧૧ જેનો નવો ખાતા નં– ૪૧૧ તથા જુનો સર્વ નં ૬૨૯ જેનો નવો સર્વે નં ૧૦૬૧ જેનુ કુલક્ષેત્રફળ ૧–૮૧–૪૨ હે.ઓ. ચોમી વાળી જમીન તથા (૨) જુનો ખાતા નં. ૨૧૬ જેનો નવો ખાતા નં– ૩૧૬ તથા જુનો સર્વ નં ૬૩૪ જેનો નવો સર્વે નં ૧૦૭૦ જેનુ કુલક્ષેત્રફળ ૦–૮૧–૬૭ હે.ઓ.ચોમી વાળી જમીન વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે. ? |
| ૨ | શુ વાદી પુરવાર કરે છે કે, સદર દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના મળતીયાઓ કોઈ પણ રીતે વાદીઓને અટકાયત કેવાનો કે ગેરકાયદેસર પ્રવેશ કરવાનો કે કબજો લેવાનો પ્રયત્ન કરી રહેલ છે? |
| ૩ | શુ વાદી તેની દાવાઅરજીમાં જણાવેલ દાદ મેળવવા કાયદેસર હકકદાર છે? |
| ૪ | શું હુકમ અને હુકમનામુ? |

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–<u>નિર્ણયો</u>–**

| | |
|---|---|
| મુદ્દા નંબર–૧ | નકારમાં, |
| મુદ્દા નંબર–૨ | નકારમાં, |
| મુદ્દા નંબર–૩. | નકારમાં, |
| મુદ્દા નંબર–૪. | આખરી હુકમ મુજબ |

**– <u>કારણો</u> –**

(૮) વાદીઓએ પોતાના દાવાના સમર્થનમાં વાદી નં.૧, વાદી નં.૨ તથા વાદી નં.૧/૪નું સોગંદ પરની સરતપાસ રજુ રાખેલ છે. આ ઉપરાંત ગામ નમૂના નં.૬, ગામ નમૂના નં.૭/૧૨, ૮–અ, પાણીપત્રક, મહેસૂલ ભર્યાની રસીદો, મહેસૂલી નોંધો તથા અન્ય અનેક દસ્તાવેજો રજૂ કરીને એવો દાવો કર્યો છે કે દાવાવાળી જમીન તેમના પિતા નાથાભાઈ ધુળાભાઈ ભાંભી વર્ષોથી કબજા ભોગવટો કરતા હતા અને તેમના અવસાન બાદ વારસાઈ હક્કે તેઓ કબજેદાર અને માલિક બન્યા છે. રેકોર્ડ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે વાદીઓના સાક્ષીઓની પ્રતિવાદીઓ તરફથી કોઈ ઊલટતપાસ કરવામાં આવી નથી તેમજ પ્રતિવાદીઓએ પોતાની તરફથી કોઈ મૌખિક પુરાવો પણ રજૂ કર્યો નથી. સામાન્ય રીતે ઊલટતપાસના અભાવે સાક્ષીની જુબાની અવિરોધિત રહેતી હોય છે, પરંતુ માત્ર એટલા કારણસર જ તે જુબાનીને સંપૂર્ણપણે સાચી અને સ્વીકાર્ય ગણી શકાય નહીં. દાવામાં વાદી પોતાના દાવાને સાબિત કરવાનો કાનૂની ભાર તેના પર રહેલ છે. તેથી કોર્ટે સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરવાનું રહે છે. આ દાવા માં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે **વાદીઓનો સમગ્ર દાવો વારસાઈ નોંધ નં.૧૦૦૧ના આધારે ઉભો કરવામાં આવ્યો છે.** પરંતુ તે સંદર્ભે

પ્રતિવાદીપક્ષે તેમના જવાબ સાથે રજુ કરેલ નિ ૩૩/૦૮ થી રજુ કલેકટર શ્રી અરવલ્લી– મોડાસાનો તા. ૨૫/૦૭/૨૦૨૩ ના રોજનો હુકમ ધ્યાને લઈએ તો વાદીઓના પિતાની વારસાઈ નોંધ નં ૧૦૦૧ વારસાઈ નોંધ વિરુદ્ધ પ્રતિવાદીઓએ મહેસૂલી સત્તાધિકારીઓ સમક્ષ વિવાદ ઉભો કર્યો હતો અને કલેક્ટર, મોડાસાએ બંને પક્ષોને સાંભળ્યા બાદ વિગતવાર કારણો દર્શાવી વારસાઈ નોંધ નં.૧૦૦૧ને ગેરકાયદેસર ઠરાવી  નામંજૂર કરી હતી. તેને વાદી કે પ્રતિવાદીપક્ષે આંકે પડાવેલ નથી. પરંતુ સદર દાવાનો ન્યાયીક નિર્ણય માટે તે હુકમ વંચાણે લેવો જરૂરી હોય જેથી તેનો ઉલ્લેખ કરેલ છે. તે હુકમ દર્શાવે છે કે સક્ષમ મહેસૂલી સત્તાધિકારીઓએ ઉપલબ્ધ દસ્તાવેજોની તપાસ કર્યા બાદ વાદીઓના પક્ષે થયેલી વારસાઈ નોંધને ગેરકાયદેસર ઠરાવી છે. અત્રે સ્પષ્ટ કરવું જરૂરી છે કે અત્રેની કોર્ટ કલેક્ટરશ્રીના હુકમને માલિકી હક્કનો અંતિમ નિર્ણય માનતી નથી. પરંતુ વાદીઓના માલિકી હક્કનો આધાર રહેલી વારસાઈ નોંધ સક્ષમ મહેસૂલી સત્તાધિકારીઓ દ્વારા રદ કરવામાં આવી હોવાની પરિસ્થિતિને વાદીઓના દાવાની વિશ્વસનીયતા ચકાસવા માટે મહત્વપૂર્ણ સંજોગ તરીકે ધ્યાનમાં લઈ રહી છે. વધુમાં, મહેસૂલી નોંધો અથવા ગામના દાખલાઓ પોતે માલિકી હક્કના નિર્ણાયક પુરાવા નથી. આવા દાખલાઓ મુખ્યત્વે મહેસૂલી હેતુઓ માટે જ રાખવામાં આવે છે. જ્યારે જે નોંધના આધારે વાદીઓ પોતાનો હક્ક સ્થાપિત કરવા માંગે છે તે જ નોંધ સક્ષમ મહેસૂલી સત્તાધિકારીઓ દ્વારા રદ કરવામાં આવી હોય, ત્યારે તે નોંધના આધારે કરવામાં આવેલી મહેસૂલી એન્ટ્રીઓ, પાણીપત્રક, ૭/૧૨ તથા અન્ય દાખલાઓને માલિકી હક્કનો નિર્વિવાદ પુરાવો તરીકે સ્વીકારી શકાય નહીં. વદ્યુમાં, સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ ગામ નમૂના નં.૭/૧૨, ૮–અ તથા અન્ય મહેસૂલી નોંધો માત્ર મહેસૂલી હેતુ માટે હોય છે. તે પોતે માલિકી હક્કનું સર્જન કરતી નથી અને માલિકીનો નિર્ણાયક પુરાવો પણ નથી. તેથી માત્ર મહેસૂલી દાખલાઓના આધારે વાદીઓની માલીકી હોવાની જાહેરાતની દાદ આપી શકાય નહીં.

(૯) વદ્યુમાં, વાદીઓએ દાવામાં અથવા પુરાવામાં એવો કોઈ સ્વતંત્ર દસ્તાવેજ રજૂ કર્યો નથી કે જેના આધારે તેઓ દાવાવાળી મિલકત ઉપર પોતાના માલિકી હક્કની સ્થાપના કરી શકે. કોઈ વેચાણખત, વહેચણી કરાર, કોર્ટનો હુકમ, વારસાગત અધિકારનો અંતિમ નિર્ણય અથવા અન્ય કોઈ સ્વતંત્ર ટાઇટલ ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવ્યો નથી. વાદીઓનો સમગ્ર દાવો મહેસૂલી નોંધો તથા તેમના આધારે થયેલી એન્ટ્રીઓ ઉપર આધારિત છે, જ્યારે તે એન્ટ્રીઓની કાયદેસરતા જ સક્ષમ મહેસૂલી સત્તાધિંકારીઓ દ્ધારા નકારી કાઢવામા આવી છે. તે સંજોગોમાં માત્ર એટલા કારણસર કે વાદીઓની જુબાનીની ઊલટતપાસ કરવામાં આવી નથી, કોર્ટ વાદીઓના માલિકી હક્કને સ્થાપિત થયેલો માની શકે તેમ નથી. દાવામાં વાદીઓની જુબાનીનો વિરોધ ન થયો હોવા છતાં કોર્ટને તેની આંતરિક વિશ્વસનીયતા તથા દસ્તાવેજી પુરાવા સાથેની સુસંગતતા ચકાસવાનો અધિકાર અને ફરજ બંને છે. રેકોર્ડ પરના સમગ્ર પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં આ કોર્ટના મત મુજબ વાદીઓ દાવાવાળી મિલકત ઉપર પોતાનો કાયદેસર માલિકી હક્ક તથા ઘોષણાત્મક રાહત મેળવવા માટે જરૂરી હકીકતો સંભાવનાના પ્રબળ ધોરણે સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે.

(૧૦) વદ્યુમાં, સદર કામે વાદીપક્ષે એવી દલીલ કરવામાં આવેલ છે કે, વાદીઓ તથા તેમના પિતા છેલ્લા આશરે ૩૫ વર્ષથી દાવાવાળી જમીનનો કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા આવ્યા છે. આ અંગે વાદીપક્ષે રમણભાઈ ભુરાભાઈ, રાયચભણજી ચામચંદજી, જામલજી નવાજી , રામચંદભાઈ ધીરાજી ના સોગંદનામા રજુ રાખેલા છે. જેમાં **નવા સર્વે નં ૧૦૭૦ માં વાદીઓના ચાર ના નામ લખી એમ કુલ પાંચ કબજેદારોના બાપ દાદ વખતથી કબજો ચાલી આવેલ હોવાનુ જણાવેલ છે.** જયારે મેંમાપુર ગ્રુપ ગ્રામ પંચાયતના આંક– ૯૩ થી રજુ તલાટી કમ મંત્રીના દાખલામાં **સર્વે નં ૧૦૬૧ માં વાદીઓનો કબજો આવેલ હોવાનુ લખેલ છે.** તેવી જ રીતે આંક– ૯૪ થી રજુ

મેંમાપુર ગ્રુપ ગ્રામ પંચાયતના  તલાટી કમ મંત્રીના **દાખલામાં વાદીઓ અને પ્રતિવાદીઓ સર્વે નં ૧૦૭૦ ની જમીન પર કબજો ધરાવતા હોવાનુ લખેલ છે.** આમ, વાદીએ જ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ એકબીજાથી વિરૂધ્ધના હોવાનુ જણાય છે. વધુમાં,  આ મહત્વપૂર્ણ હકીકતના સમર્થનમાં કોઈ સ્વતંત્ર, નિષ્પક્ષ અથવા પડોશી સાક્ષીને તપાસવામાં આવ્યો નથી. વધુમાં, સદર કામે  કોઈ પંચકામ, પોલીસ ફરિયાદ અથવા અન્ય નિષ્પક્ષ દસ્તાવેજ પણ રજૂ કરવામાં આવ્યો નથી,  તેમજ રજુ રાખેલ પંચનામાને વાદીપક્ષે આંક પડાવવાની પણ કોઈ તસ્દી લીધી નથી.  જેથી પ્રતિવાદીઓ દ્વારા વાસ્તવમાં દખલગીરી કરવામાં આવી હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે. વધુમાં, વાદીઓના મૌખિક નિવેદનો સિવાય આ બાબતને સમર્થન આપતો વિશ્વસનીય સ્વતંત્ર પુરાવો રજુ રાખેલ નથી.  વધુમાં,આ દાવાના સમર્થનમાં જે દસ્તાવેજો રજૂ કર્યા છે તેમાં અમુક સમયગાળા દરમિયાન વાદીઓ અથવા તેમના પિતાનું નામ નોંધાયેલ હોવાનું જણાય છે. તેમ છતાં માત્ર મહેસૂલી નોંધો તથા લાંબા સમયથી નામ ચાલતું હોવાના આધારે જ કાયદેસર અને નિર્વિવાદ કબજો અથવા માલિકી હક્ક સ્થાપિત થયો હોવાનું કહી શકાય નહીં. રેકોર્ડ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે વાદીઓના હક્કનો આધાર રહેલી વારસાઈ નોંધ નં.૧૦૦૧ સક્ષમ મહેસૂલી સત્તાધિકારીઓ દ્વારા રદ કરવામાં આવેલ છે અને ત્યારબાદ થયેલી કાર્યવાહી અનુસાર મહેસૂલી રેકોર્ડમાં ફેરફાર પણ થયેલ છે. તેથી માત્ર ૩૫ વર્ષથી કબજો હોવાનો દાવો તથા તે આધારિત મહેસૂલી દસ્તાવેજોના આધારે વાદીઓ દાવાવાળી જમીન ઉપર કાયદેસર, સતત તથા નિર્વિવાદ કબજો ધરાવતા હોવાનું સંભાવનાના પ્રબળ ધોરણે સાબિત થયું હોવાનું આ કોર્ટ માની શકતી નથી. આ સંજોગોમાં માત્ર ૩૫ વર્ષથી કબજો હોવાનું મૌખિક નિવેદન તથા મહેસૂલી નોંધોના આધારે કાયદેસર, સતત અને નિર્વિવાદ કબજો સાબિત થયો હોવાનું કહી શકાય નહીં. ભલે વાદીઓએ લાંબા સમયથી ખેતી તથા કબજો ભોગવટો કરતા હોવાનો દાવો કર્યો હોય અને તે અંગે મહેસૂલી નોંધો રજૂ કરી હોય, પરંતુ

હાલના દાવામાં માંગવામાં આવેલી જાહેરાત માટે માત્ર લાંબા સમયનો કબજો પૂરતો નથી. વાદીઓએ પોતાનો કાયદેસર માલિકી હક્ક સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સ્થાપિત કરવો આવશ્યક હતો, જેમાં તેઓ નિષ્ફળ ગયેલ છે.

વધુમાં, સર્વોચ્ચ અદાલતે Anathula Sudhakar v. P. Buchi Reddy, (2008) 4 SCC 594 માં સ્પષ્ટ કરેલ છે કે જ્યાં વાદીના માલિકી હક્ક ઉપર ગંભીર વિવાદ ઉભો થયેલ હોય ત્યાં માત્ર મનાઈહુકમનો દાવો પૂરતો નથી અને વાદીએ પોતાના કાયદેસર માલિકી હક્કને વિશ્વસનીય પુરાવાથી સ્થાપિત કરવો જરૂરી બને છે. હાલના કેસમાં વાદીઓનો સમગ્ર માલિકી હક્ક મહેસૂલી નોંધ ઉપર આધારિત છે, જ્યારે તે નોંધ સક્ષમ મહેસૂલી સત્તાધિકારીઓ દ્વારા રદ કરવામાં આવેલ છે. તેથી વાદીઓ માંગેલી જાહેરાતની દાદ મેળવવા હકદાર નથી. તેમજ તેવા સંજોગોમાં માત્ર મનાઈહુકમની દાદ નહીં પરંતુ પ્રથમ વિશ્વસનીય રીતે માલિકી હક્કની સ્થાપના જરૂરી બને છે.

**(૧૧)** આમ, સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં આ કોર્ટના મત મુજબ વાદીઓ દાવાવાળી જમીનો ઉપર પોતાનો કાયદેસરનો માલિકી હક તથા પ્રત્યક્ષ કબજો સંભવિતતાના પ્રાધાન્યના ધોરણે પણ વિશ્વસનીય રીતે પુરવાર કરી શક્યા નથી. વધુમાં, જ્યારે વાદીઓ પોતાનો કાયદેસર કબજો તથા માલિકી હક્ક જ સ્થાપિત કરી શક્યા નથી ત્યારે પ્રતિવાદીઓ દ્વારા તે કબજામાં થયેલ ગેરકાયદેસર દખલગીરીનો પ્રશ્ન પણ પુરવાર થતો નથી. આમ, વાદીઓ પોતાના માલિકી હક્ક તથા કાયદેસર કબજાને સંભાવનાના પ્રબળ ધોરણે સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે તેઓ જાહેરાત તથા અનુસાંગિક કાયમી મનાઈ હુકમની દાદ મેળવવા કાયદેસર હકદાર નથી. આથી મુદ્દા નં. ૧, ૨ અને ૩નો જવાબ નકારમાં આપવામાં આવે છે. તેમજ મુદા નં ૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– <u>આખરી હુકમ</u> –**

**૧.** વાદીઓનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામે દાવાની હકીકત લક્ષમાં લેતાં, પ્રતિવાદીઓને થયેલ દાવાનો ખર્ચ વાદીઓએ ભોગવવાનો રહેશે.

**૩.** હુકમ મુજબનું હુકમનામુ દોરવું.

**<u>ચુકાદોઃ</u>–** આજરોજ **તા. ૨૯ મી, માહે– જુલાઈ, સને– ૨૦૨ ૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૨૯/૦૭/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |